સત્યમેવ જયતે

# વઢવાણના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.વઢવાણ

**Joravarnagar Police station**
**F.I.R.No.11211025250633/2025**
**ફોજદારી કેસ નંબર : ૨૩૬/૨૦૨૬**
**આંક :–૮**

**ફરીયાદી :–** **શ્રી સરકાર...**

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** **રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુભાઈ ભરતસિંહ ગોહીલ**
**રહે.ગામ–વસ્તડી,તા.વઢવાણ,જી.સુરેન્દ્રનગર**

**ગુન્હો:– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫–(એ)(એ) મુજબ.**

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. બી. એ. રાવત //

// આરોપી તરફે વિ.વ.શ્રી. સી.એ.ખડીયા //

**–:: ચુકાદો ::–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દારૂ વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ ગયેલ. તે મુજબની ફરીયાદને આધારે ત.ક.અધિકારીએ પોલીસ તપાસ કરી આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫–(એ)(એ) મુજબ**ના શિક્ષાને પાત્ર ગુન્હાનુ ચાર્જશીટ ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**(૨)** ત્યારબાદ ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરવામાં આવેલ. જે લગત આરોપીનાઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૩૦** મુજબ કેસના પેપર્સની નકલો વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ અને **આંક–૨ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ, જેમા આંક ૩ થી આરોપીની** ઉપરોકત ગુના અંગેની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવામાં **આંક ૫ અને ૭ થી પંચને** તપાસવામાં આવેલ છે, તેમજ દસ્તાવેજી પુરાવામાં **અને આંક–૬ થી પંચનામાની નકલ** રજુ કરેલ છે.

**(૪)** **પુરાવાનું મુલ્યાંકન :–**

આ કામે ફરિયાદની હકીકત જોતાં બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર હોવાનું જણાઈ આવે છે. તે ધ્યાને લેતાં આ કામે સ્વતંત્ર સાહેદો અને પંચો સહેલાઈથી મળી રહે તેમ માનવાને કારણ છે. જ્યારે સમગ્ર પુરાવો વંચાણે લેતાં આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી.

સદરહુ પંચ ફરી ગયેલ છે હોસ્ટાઈલ છે. પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી. સમગ્ર હકીકત ધ્યાને લેતાં

ફરિયાદપક્ષ પંચનામાને સાબિત કરી શકેલ નથી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં જ્યારે પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન ન કરતા હોય, ત્યારે પોલીસ ફરિયાદી તથા તપાસકર્તા અધિકારીના પુરાવા પર માત્ર આધાર રાખવો એ સલાહભર્યુ ગણાય નહિ.

વધુમાં આ કામે વગર પાસ પરમીટનો દારૂના લગત કોઈ એફએસએલ નો રીપોર્ટ ફરિયાદ પક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે ધ્યાને લેતા સદર જપ્ત કરાયેલ મુદ્દામાલ દારૂ જ છે તે માની શકાય નહી. વધુમાં પોલીસ જ આ કામે ફરીયાદી છે અને તેઓ ધ્વારા ફરીયાદ નોંધવામાં આવેલ છે અને પોલીસ ધ્વારા ગુનો નોંધી/નોંધાવી તેની તપાસ કરી ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરેલ છે. આ સમગ્ર હકીકત અને ગુનાનો પ્રકાર અને સજાનુ પ્રમાણ જોતા આ કામે માત્ર ને માત્ર પોલીસ સાહેદોની જ જુબાની પર આધાર રાખી આરોપીને સજા કરવી સલામત, સલાહભર્યુ, યોગ્ય અને ન્યાયોચિત જણાતુ નથી. તેથી કેસના સંજોગો જોતાં શંકાનો લાભ આરોપીને જાય છે.

(૫) સમગ્ર હકીકત અને રજુ થયેલ પુરાવો ધ્યાને આ કામના આરોપીનાઓ પાસેથી ગુજરાત પ્રોહિબીસન એક્ટની જોગવાઈ મુજબનો કોઈપણ પ્રતિબંધિત પદાર્થ કે વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોય તેમ શંકાથી પર સાબિત થતુ નથી.

(૬) તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

1. આ કામના આરોપીને **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૭૧(૧)** અન્વયે તેની સામેના **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબ** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી **''નિર્દોષ''** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. સદર કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને તે સિવાયનો કબજે કરવામાં આવેલ નાશ કરવાને પાત્ર મુદ્દામાલનો નિયમાનુસાર અપીલ સમય પુર્ણ થયા બાદ નાશ કરવાનો અને બાકીના મુદામાલ અપીલ સમય બાદ કાયદાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. **બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧** હેઠળ તમામ આરોપીએ રૂા. ૫,૦૦૦/– ના જાતમુચરકો તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. જો તે રજુ ન કરે તો અગાઉ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા હવે પછી છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી તર્ફે નવા જામીન રજુ કર્યેથી અગાઉ રજુ થયેલ જાત મુચરકા તથા જામીન ખત રદૃ ગણવા.

આ હુકમ આજરોજ **તા.૦૬, માહે માર્ચ, સને ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૬.૦૩.૨૦૨૬**
**વઢવાણ.**

**(જયેશકુમાર પુરૂષોત્તમદાસ પ્રજાપતિ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વઢવાણ**
**Code No. GJ01608**